Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal
Volume - 6, Issue - 11, November - 2023

ISSN(o): 2581-6241
Impact Factor: 6.471
Publication Date: 20/11/2023

DOIs:10.2018/SS/202311001 --:-- Research Paper / Article / Review

# "ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન" ની સોશિયલ મીડિયા પર ઉપસ્થિતીનું FOAF Ontology દ્વારા પ્રસ્તુતિકરણ

**Dr. Minaxi A. P.**

Assistant Professor, School of Library and Information Science, CUG, Gandhinagar, Gujarat.

Email: minaxi.parmar@cug.ac.in

**ટૂંકસાર:** સોશિયલ મીડિયા નેટવર્ક નો ઉપયોગ કરી વિકાસ પથનાં નિર્માણનું એક અદભૂત અંગ બની ગયું છે; જે ને સિમેન્ટિક વેબ તકનીકનું પ્રમાણ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી! આ લેખમાં સંશોધક ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન મૂલગત વિષય ની શોશિયલ મિડીયા પર ઉપસ્થિતિને FOAF ઓન્ટોલોજી દ્વારા વ્યક્ત કરી છે. આ પ્રસ્તુતિ જ્ઞાન સંગઠન ની તકનીકી ભાષામાં સેમેન્ટીક મોડલિંગ કહેવામાં આવે છે; જે સામાન્ય રીતે જે તે વિષય કે વસ્તુ નું નેટવર્કનું મૂળભૂત માળખું દર્શાવે છે. અહી સંશોધકે LINKEDIN નામક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગ્રથાલય અને માહિતી વિજ્ઞાનનાં નેટવર્ક ને દર્શાવવાનો તથા આ પ્લેટફોર્મ નાં માળખાં ને FOAF ઓન્ટોલોજી દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે; જેમાં તે ઉલ્લેખનીય છે કે આ FOAF ઓન્ટોલોજી વ્યક્તિ-વિષય ને સંલગ્ન માહિતી ને ઝૂમખાં સ્વરૂપ વ્યક્ત કરે છે. વળી, જ્ઞાન સંગઠનનાં આ સાધન થકી વ્યક્તિ-વિશેષ દરેક બાબતોને ચાર મૂળભૂત શ્રેણી (૧) વ્યક્તિગત ઓળખ - property (૨) વ્યક્તિ – સંકલન – property (3) વેબ પ્રવૃત્તિ – property (૪) વ્યક્તિ – વિશેષ સંબંધો – property દ્વારા વ્યકત કરી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો:** સોશિયલ મીડિયા, FOAF ઓન્ટોલોજી, LINKEDIN, LIS.

## 1. પ્રસ્તાવના:

"જ્ઞાન સંગઠન" એ ભારતની વિવિધ પ્રાચીન પધ્ધતિઓમાની એક છે. અહી જ્ઞાન ને મનુષ્યની મહત્વની મિલકત ગણવામાં આવે છે તથા તેની ઉપયોગીતા અનુસાર આધાર સ્તંભો ની પસંદગી કરી ગોઠવણી નું પણ ધ્યાન રાખવામાં આવે છે. આજની આધુનિક શિક્ષણ પધ્ધતિ નાં જ્ઞાન વિશ્વમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયશાખા નો ઉદભવ જ "વિષય – વસ્તુ અને તેની ગોઠવણી" ને ધ્યાનમાં રાખી રચવામાં આવ્યો છે. આ વિષય અંતર્ગત વર્ગીકરણ, સૂચીકરણ, અને નીર્દેશીકરણ જેવા આધારભૂત વિષયોની સૈદ્ધાંતિક વિભાવનાઓ આપેલી છે. આ પૈકી વર્ગીકરણ ને મૂલ્ગત વિષય કહેવામાં આવે છે જેમાં વ્યક્તિ-વિષય-વસ્તુ નાં પાયાના લક્ષણો અનુસાર વર્ગીકરણ હેતુ વિવધ સિદ્ધાંતો તથા સાધનો જેવાકે ઓન્ટોલોજી, foksonomy, અને TAXONOMY મુખ્ય છે.

અહી સંશોધક FOAF ઓન્ટોલોજી દ્વારા LINKEDIN નામક સોશિયલ મીડિયા પર ગ્રં"થાલય અને માહિતી વિજ્ઞાન" નાં અંગ્રેજી ટૂંકાક્ષર LIS (LIBRARY AND INFORMATION SCIENCE – LIS) ની ઉપસ્થિતિ ને વ્યક્ત કરતા સંસ્થાની રજૂઆત કરી છે. FOAF ઓન્ટોલોજી વ્યક્તિ વિશેષ તથા તેના વિચારો, કળા, રસ, વ્યક્તિગત માહિતી, મંજૂરી, જાહેરાતો, વ્યક્તિગત સંશોધનોને વગેરે ને એક તાર હેઠળ જ વંશાવલી ની જેમ વ્યકત કરે છે, આથી તેનો સોશિયલ મીડિયા પરની માહિતીની માળખાગત રજૂઆત માટે ઉપયોગ કર્યો છે. આજનું સોશિયલ મીડિયા વ્યક્તિગત વિચારો, માહિતી, અને નવીન વિષયો ને આદાન-પ્રદાન કરવા, એક સરખા વ્યવસાય વાળી વ્યક્તિઓનો એક વર્ગ દર્શાવા, તથા આવા અનેક એક સરખા જોડાણો માટે વિવિધ વિકલ્પો આપવા અને શિક્ષિત વર્ગ નાં અતિ મહત્વના સંશોધનો સમાજ સુધી પહોંચાડવા મહત્વનો ભાગ ભજવે છે. વળી વ્યવસાયિક જોડાણ થકી વ્યક્તિ વિશેષ નાં એક રસ, એક વ્યવસાય, એક સ્થળ, જેવા મથાળા અંતર્ગત ઝૂમખાં બનાવી વિશ્વના ખૂણે રહેતા માનવી વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે.

**2. હેતુ:**

આ સંશોધનનો મુખ્ય હેતુ FOAF ઓન્ટોલોજી દ્વારા LINKEDIN નામક સોશિયલ મીડિયા પર LIS ની ઉપસ્થિતીની પ્રસ્તુતિ કરવી.

**3. સંશોધન પ્રશ્ન:**

શું જ્ઞાન સંગઠન નાં સાધન "FOAF ઓન્ટોલોજી" ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન માટે અધી-શ્રેણી ઝુમખું બનાવે છે? જો હા તો તેનું સ્પષ્ટીકરણ શું?

**4. સાહિત્ય સમીક્ષા:**

અહીના સંશોધન વિષય અંતર્ગત મહત્તમ સંશોધનો અંગ્રેજી ભાષામાં થયેલા હોવાથી અહી સંશોધકે ઉપયોગમાં લીધેલ સાહિત્યોની સમીક્ષાની સમજૂતી તથા સંગતતાનો ગુજરાતીમાં અનુવાદ વ્યક્ત કર્યો છે; તથા તેની સંદર્ભસૂચિ અંગ્રેજીમાં આપી છે.

માઈક , પ (૨૦૦૭) આ લેખકે પોતાના સંશોધન શીર્ષક "Modelling And Aggregating Social Network Data" માં એકીકૃત ઓન્ટોલોજી દ્વારા સોશિયલ નેટવર્ક ડેટાની પ્રતિકૃતિ રજૂ કરી છે, તથા તેને વિવધ સોશિયલ મિડીયા નાં ડાટા ને વિશાળ નેટવર્ક માં લાવવા હેતુ અનિવાર્ય બતાવી છે.

L. Chen, S. Wei and Z. Qingu (૨૦૧૭) આ સંશોધકોએ "Semantic Description of Social Network based on ontology" માં એકીકૃત થતાં ડેટા નાં બંને છેડા પર વિવિધ જોડાણો દ્વારા બનતી ગાંઠો અને કિનારીઓની ચર્ચા કરી છે.

A. Masoumzadeh and J. Joshi (  ) નો લેખ "FOAF ontology extension to meet online social networks presentation and analysis" માં FOAF ontology વિસ્તૃત વર્ણન આપ્યું છે. અહી તેઓ એ FOAF ontology ને OWL માં વ્યક્ત કરી છે. આ ઉપરાંત FOAF ontology ની ચોથી શ્રેણી નું સ્પષ્ટીકરણ દર્શાવતું વિભાવાનાત્મક સંબંધ – શબ્દ ભંડોળ પણ આપેલ છે.

**5. ચાવીરૂપ શબ્દોની યાથાક્રમિત વ્યાખ્યાઓ:**

(ક) FOAF ontology: આ પદ અને તેના વિસ્તારની પ્રથમ કલ્પના W3C Consortia દ્વારા વર્ષ ૨૦૦૦માં સ્વીકૃતિ પામી હતી જેમાં તેને વ્યક્તિ અને તેના સંબંધોની પ્રસ્તુતિ માટેનું શ્રેષ્ઠ સાધન તરીકે સ્વીકારેલી છે. અહીં પણ આ જ વ્યાખ્યાને આધારે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન નું જોડાણ વ્યક્ત કરવામાં આવ્યું છે.

(ખ) LIS વ્યવસાયિકો: અહી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષય નાં વિદ્યાર્થીઓ, સંશોધકો, શિક્ષકો તથા વ્યવસાયિકોનો સમાવેશ કરેલ છે.

(ગ) જ્ઞાન સંગઠન: આ ખૂબ જ વિસ્તૃત પરિભાષિત પદ છે જેને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં પ્રખર દાર્શનિક શ્રી ડૉ. એસ. આર. રંગનાથન દ્વારા સૈદ્ધાંતિક રૂપે વિસ્તૃત વર્ણન કરેલું છે. આ પૂરું વર્ણન અહી તેના મૂળ સ્વરૂપે જ લીધું છે તથા મહદઅંશે ડાટા અને માહિતી નાં વર્ગીકરણ નો આધારસ્તંભ માન્યો છે.

(ઘ) LINKEDIN: આ વ્યવસાય અને રોજગાર તથા વિષય સંબંધિત અન્ય માહિતીના આદાન-પ્રદાન માટે વિકસાવવામાં આવેલું Electronic Social Media છે. હાલના સમયમાં તેની માલિકી Microsoft પાસે છે. આ સંશોધન હેતુ તારીખ ૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ થી પંદર દિવસ સુધી પ્રાથમિક માહિતી પ્રાપ્તિ હેતુ અવલોકન કરવામાં આવ્યું છે.

(ચ) સંબંધ-શબ્દ ભંડોળ: LINKEDIN પર ઉપયોગ થયેલ વિવિધ અંગ્રેજી શબ્દોનું વર્ણન અહી સંશોધકે સ્વ-મોલીક્તાનાં આધારે આપેલ છે.

**6. સંશોધન પદ્ધતિ અને મર્યાદાઓ:**

અહી સંશોધકે મિશ્રિત પધ્ધતિનો ઉપયોગ કર્યો છે જ્ઞાન સંગઠન માં આપેલ વિવધ સાધનો પૈકી FOAF ontology નો ઉપયોગ કર્યો છે તથા તેના માળખા મુજબ વ્યક્તિ – વિશેષ નાં સંબંધો નાં અવલોકન હેતુ નીચે મુજબનાં મુખ્ય ૭ ઘટકો કે વર્ગો મુજબ પ્રાથમિક માહિતી એકત્રિત કરી છે.

(૧) પ્રતિનિધિ (Agent): અર્થાત સાર્વત્રિક વર્ગ કે વસ્તુનો મુખ્ય વ્યક્તિ. દા.ત. વ્યક્તિ પોતે, વ્યક્તિઓને વર્ગ, અને સંસ્થાન.

(૨) વ્યક્તિ (Person): LINKEDIN નો વ્યક્તિગત-ઉપયોગકર્તા

(૩) વર્ગ (Group): વ્યક્તિઓ કે સંસ્થાનોનો બનેલો વર્ગ. દા. ત. Ontology developer group


(૪) સંસ્થાન (Organization): કોઈએ પણ જાહેર સંસ્થા, સામાજિક સંસ્થા પોતે કે તેના કોઇપણ વ્યક્તિ વિશેષ દ્વારા બનાવેલ વેબ પેજ.

(૫) પ્રોજેક્ટ (Project): અહી તે પરિયોજનાઓ જેને પૂર્ણ કરવા હેતુ સંગઠિત પ્રયત્ન ની જરૂર પડે છે, તથા સંલગ્ન લોકોના અભિપ્રાય ની પણ જરૂર પડે છે. ટૂંકમાં આ જાહેરાત કે પૂર્ણ થયેલ ઉજવણી અને અન્ય કાર્યક્રમો કરેલ હોય તેનો સમાવેશ થાય છે.

(૬) દસ્તાવેજો (Document): અહી ફોટોગ્રાફ્સ તથા અન્ય રૂપે મૂકેલા કે પોસ્ટ કરેલા દસ્તાવેજો.

(૭) Online Account: આ વર્ગ ઘણો વિશાળ છે પણ સમય મર્યાદાને ધ્યાનમાં લઈ ફક્ત online chat ઘટક ને ધ્યાનમાં લીધેલ છે.

(૮) Label Property: આ વર્ગને FOAF ontology માં સૌથી મહત્વનું કહ્યું છે. આ કાર્યમાટે મુખ્યત્વે ચાર શ્રેણીઓ આપેલ છે. (૧) વ્યક્તિગત ઓળખ - property (૨) વ્યક્તિ – સંકલન – property (૩) વેબ પ્રવૃત્તિ – property (૪) વ્યક્તિ – વિશેષ સંબંધો – property. આ બધીજ શ્રેણીઓ અને તેને જોડાયેલા ઘટકોનું નીચેના ફોટો માં સ્પષ્ટરૂપે ચિત્ર દેખાય છે.




### 7. પ્રાપ્ય માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ:

અહી સંશોધક આ પ્રક્રિયાને બે ભાગમાં વ્યક્ત કરી છે. (૧) ચાર શ્રેણીઓ મુજબ "Research Culture Society નું પ્રાયોગિક વર્ણન અને (૨) "LIS" ચાવીરૂપ શબ્દ ને LINKEDIN પર શોધતા મળેલ કંપનીઓના લીસ્ટ માં પ્રથમ આવતી કંપની કે સંસ્થા ની બતાવેલ માહિતી ને આધારે FOAF ontology માં Label Property માં આવતી ૪ શ્રેણી મુજબ પ્રસ્તુત કરવું.

(૧) "Research Culture Society નું FOAF Ontology મુજબ સંક્ષેપ વર્ણન:

| શ્રેણીઓ | સમાવેશ માહિતી અને તે અનુરૂપ ટેગ | |
|---|---|---|
| શ્રેણી ૧ વ્યક્તિની ઓળખ | પ્રતિનીધી: (foaf: agent)<br>અભિવાદન: (foaf: Salutation)<br>પ્રથમ નામ:<br>પારિવારિક નામ: (foaf:surname)<br>જન્મ તારિખ: (foaf: birth date)<br>જાતિ : (foaf:gender)<br>વ્યક્તિગત ફોટો: (foaf:image) | Research Culture Society અહી (foaf:agent), (foaf:organization), (foaf:image) માટે ની માહિતી LINKEDIN પર છે. |

| | | |
|---|---|---|
| શ્રેણી ૨ વ્યક્તિ સંકલન | હોમ પેજ: (foaf: homepage)<br>મેઈલ: (foaf:mbox)<br>અન્ય: (foaf:skypeID)<br>વેબ બ્લોગ: (foaf:blog)<br>રસનાં વિષયો: (foaf:interest)<br>પ્રોજેક્ટ: (foaf:project), (foaf:current project), (foaf:plan) | આ શ્રેણી મુજબ હોમે પેજ આપેલ છે. ત્રણથી વધુ ગ્રંથાલય ગ્રુપ આ સંસ્થાને અનુસારે છે. અગાઉ સંસ્થા દ્વારા પૂર્ણ કરેલ પ્રવૃતિઓ ની માહિતી તથા વિડીયો લીંક આપેલી છે. |
| શ્રેણી 3<br>Online Account | આ શ્રેણી અન્યની સરખામણી માં ખૂબ બહોળું તંત્ર ધરાવે છે. સમયની મર્યાદાની આધીન આનો સમાવેશ અહી કર્યો નથી. | |
| શ્રેણી ૪<br>સંબંધ:પ્રોજેક્ટ અને ગ્રુપ | પ્રોજેક્ટ: (foaf:past project), (foaf:current project), (foaf:project group), વગેરે. આ શ્રેણી અન્યની સરખામણી માં પરોક્ષ અને પ્રત્યક્ષ સબંધથી ખૂબ મોટી જાળ થઈ શકે છે. | અહી અગાઉ થયેલ કાર્યક્રમો ની તારીખ, વિડીયો લીંક, તથા વિસ્તૃત વર્ણન પણ આપેલ છે. |
| શ્રેણી ૫<br>દતાવેજ અને ચિત્રો | (foaf:image), (foaf:document), (foaf:audio) (foaf:video) વગેરે. આ શ્રેણી પણ વિશાળ તંત્ર બનાવે છે. | આ શ્રેણીમાં આવતી અનેક વિગતો આપેલી છે. |

(૨) LINKEDIN – LIS – The London Interdisciplinary School નું FOAF Ontology મુજબ સંક્ષેપ વર્ણન:

આ સંસ્થા LIS મૂલગત વિષયની શૈક્ષણિક સંસ્થા છે; જેમાં શૈક્ષણિક પ્રવૃતિઓ, વિદ્યાર્થીઓ (ચાલુ વર્ષનાં અને ભૂતપૂર્વ) તથા અન્ય વહીવટી અધિકારીઓ, શૈક્ષણિક પ્રવૃતિઓનાં ફોટો, વિડીયો, અને chat બોક્ષમાં લખાણો તથા અલગ અલગ emogies દ્વારા વ્યક્ત કરેલ ભાવોની પણ ઉપસ્થિતી જોવા મળે છે. આ સંસ્થા હોવાથી સોશિયલ મીડિયા પર તેની પ્રોફાઈલ કોઈ વ્યક્તિએ બનાવેલી હોય અહી પ્રથમ શ્રેણી માં agent નું ટેગ આવશે. આ માહિતી ને FOAF Ontology નાં પરિપ્રેક્ષ્ય માં નીચે મુજબ વ્યક્ત કરી છે.

| શ્રેણી | FOAF Ontology Tags |
|---|---|
| ૧ | (foaf: agent) - આ માહિતી ઉપલબ્ધ નથી |
| | (foaf:name) "The London Interdisciplinary School" |
| | (foaf:aboutus) "Overview....." વિસ્તૃત આપેલ છે. |
| | (foaf:homepage) http://www.lis.ac.uk |

| | |
|---|---|
| | (foaf:logo image) “logo અને ફોટો આપેલા છે” |
| | (foaf:birthday) “વર્ષ ૨૦૧૭ માં આ સંસ્થાએ LINKEDIN પર પેજ બનાવ્યું હતું. |
| ૨ | (foaf:homepage) લીંક આપેલ છે. |
| | (foaf:other group), અહી આ પેજ ને અનુસરતા અન્ય સંસ્થાના પેજ જેમકે મેડીકલ લાઈબ્રેરી, બ્રિટીશ લાઈબ્રેરી, તથા અન્ય આપેલ છે. |
| | (foaf:web activity) અહી વિદ્યાર્થીઓ નાં LIS ને લાગતાં પ્રશ્નો ને જાણવા તથા નિવારવા માટે કાર્યક્રમ થયેલ તેનો વિડીયો મૂક્યો છે. |
| | (foaf:image) વિવધ કાર્યક્રમોના પોસ્ટર મુકેલા છે. |
| | (foaf:advertisement) LIS જોબ સંબંધિત પોસ્ટ મુકેલી છે. |
| 3 | Online Account આ સંશોધનમાં લીધા નથી. |
| ૪ | (foaf:group) “Alumani group”, “Teacher Toolkit”, “Mary Curnock- non executive portfolio” ગ્રૂપો આ સંસ્થાનાં ભાગ છે. |
| ૫ | (foaf:image) અનેક પ્રવૃતિઓ તથા એડમીશન ને લગતી જાહેરાતોનાં પોસ્ટર મૂકેલા છે. |

આમ LINKEDIN ની LIS – The London Interdisciplinary School ની પ્રોફાઈલમાં FOAF Ontology નાં મૂલગત માળખાં અનુસાર ની બધી જ શ્રેણીઓ માટે માહિતી મળી રહે છે. શૈક્ષણિક સંસ્થા માટે શ્રેણી ૪ અને ૫ ને મહત્વની ગણી શકાય! કારણકે અહી સંસ્થાએ ભાવિ વિદ્યાર્થીઓ ને આકર્ષવા હેતુ તથા નોકરીની તકો જૂનાં વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા સોશિયલ મીડિયા ખૂબ ઉપયોગી થાય છે; આમ અત્રે એ સાબિત થાય છે કે FOAF Ontology ને માનક માની ને સોશિયલ મીડિયા પર માહિતી ઉપલબ્ધ કરવામાં આવે તો શૈક્ષણિક વિશ્વ વાસ્તવિક રીતે જોડાઈ શકે અને નવાં વિષયો અને સંશોધનો નો અવકાશ પણ ખૂબ વધે.

**8. સંશોધન હેતુની સાર્થકતા:**

આ લેખમાં દર્શાવેલ દ્વિ-ભાગ વિશ્લેષણ અને અર્થઘટન સંશોધન હેતુ ને ફળીભૂત કરે છે. FOAF Ontology અનુસાર વ્યક્તિ વિશેષ અને તેના વિવિધ પાસાંઓ જે મહદઅંશે અન્ય વ્યક્તિ વિશેષ સાથે જોડાય તો જ્ઞાન વિશ્વ નો વ્યાપ વધે છે; જે આ લેખ સોશિયલ મીડિયા નાં ઉદાહરણ સાથે સ્પષ્ટ કરે છે.

સંશોધન પ્રશ્નનો ઉત્તર: આ અભ્યાસમાં ઉપયોગમાં લીધેલ FOAF Ontology ની પ્રાથમિક શ્રેણીઓ અનુસાર ગોઠવણી કરવાથી LINKEDIN પર ઉપલબ્ધ માહિતી નું ઝુમખામાં પ્રદર્શન થાય છે. આ “The London Interdisciplinary School” નાં FOAF Ontology પ્રદર્શનથી વ્યક્ત થાય છે.

આમ, સંશોધન “ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન” વિષય શાખાનાં મુખ્ય વિષય “જ્ઞાન સંગઠન” ની પાયાની શાખા નામક “વર્ગીકરણ” ને આધાર બનાવી છે. આ વિષય અંતર્ગત જુદાં જુદાં સોશિયલ મીડિયા નો અભ્યાસ કરવા હેતુ સોફ્ટવેર નો ઉપયોગ કરવાથી વધુ વિસ્તૃત અને ઉંડાણ પૂર્વક અભ્યાસ થઈ શકે છે. તદુપરાંત અહી માત્ર “LIS” ચાવીરૂપ શબ્દ નીચે

આવતી વિવધ કંપનીઓ પૈકી સંશોધક ને મળેલ પ્રથમ સંસ્થાનું FOAF Ontology માં વર્ણન કર્યું છે જે સીમિત નાં રહેતા સમગ્ર વિશ્વની શૈક્ષણિક સંસ્થાઓનો અભ્યાસ થઈ શકે છે. આમ દરેક વિષય શાખાનાં વૈશ્વિક વિસ્તાર વચ્ચે જમીન નું અંતર અહીં ઘટાડી શકાય છે. તથા દરેક વિષયની સોશિયલ મીડિયા પર ઉપલબ્ધિ જાણી શકાય છે.

**9. સંશોધન સૂચનો:**

"જ્ઞાન સંગઠન" એ ખૂબ જ પ્રભાવશાળી વિભાવના છે; તેમાં જ્ઞાન વિશ્વ નાં કોઈપણ વિષયનાં મૂલગત પાયાં થી લઇ અવિરત વિકાસ અને ભવિષ્યની ઉપલબ્ધિઓની યાત્રા ને પ્રદર્શિત કરવાની ક્ષમતા છે. આથી "ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન" વિષય ને દરેક વિષય અંતર્ગત "સંશોધન પધ્ધતિ" ની જેમ સ્થાન મળવું જોયે.

**10. સંશોધન અવકાશ:**

આ લેખ સંશોધન માટે નવી દિશાઓનો પણ ઉલ્લેખ કરે છે જેમકે વ્યક્તિની વિશેષતાઓ, રૂચી, વલણ, લેખન કળા, વિચારો વ્યક્ત કરવાની પદ્ધતિ, વિષય નિપુણતા, ભાષા, સમાજને પ્રેરિત કરતી ગાથા, મનોવિજ્ઞાન, સમાજનાં રિતી-રિવાજો સાથે શિક્ષણ નું જોડાણ કરતાં વિચારો, આવા અનેક છોર ને જોડી ને નવીન સંશોધનો કરી શકાય જે સાચાં અર્થમાં સમાજને ઉપયોગી નીવડે, તથા FOAF Ontology વ્યક્તિ-વિશેષ નું સંકલન અને સહયોગિક સંશોધન ની વિભાવનાઓના દ્વાર પણ ખોલે છે.

**10. ઉપસંહાર:**

જ્ઞાન વિશ્વની મુખ્ય આધારશીલા એટલે "જ્ઞાન-સંગઠન" તેનો વિકાસ કરતાં સિદ્ધાંતો, સાધનો, સોપાનો ભારતના પ્રખર ગ્રંથાલય વિજ્ઞાન દાર્શનિક શ્રી ડૉ. એસ. આર. રંગનાથન એ આપ્યા છે; જેમાં તેમણે માત્ર ગ્રંથાલયનાં પુસ્તકો જ નહિ પણ એ તમામ વસ્તુઓ અને વિચારો જેના થકી પ્રાયોગિક સંશોધન અને વિષય શાખાઓને વેગ મળે છે તે વંશાવલી ને સરળતાથી વ્યક્ત કરી શકાય તે હેતુસર idea plane અને helpful sequence નું વિસ્તૃત વર્ણન આપ્યું જેના આધારે વિવિધ Ontologie નું નિર્માણ થઈ શકે છે. FOAF ontology પણ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય. આમ, FOAF Ontology અને તેનું વર્ધિત સ્વરૂપ ભવિષ્યમાં સોશિયલ મીડિયા ને સંલગ્ન નવીન દિશા આપશે તેવું અનુમાન લગાવવું કઈ અતિશયોક્તિ નથી!

**સંદર્ભો:**


A. Masoumzadeh and J. Joshi. (2011). "Ontology-based Access control for Social Network Systems". International Journal of Information Privacy, Security and Integrity. Vol. 1, no. 1, pp. 59-78, 2011.
1. Asmae El Kassiri and Fatima-Zahra Belouadha. (2017) L. Chen, S. Wei and Z. Qingpu. (2010). "Semantic Description of Social Network Based on Ontology"". Proceeding ICEE' 10 Proceeding of the 2010 International Conference on E-Business and E-Government". Pp. 1936-1939, 7-9 5 2010.
2. L. Chen, S. Wei and Z. Qingpu. (2010). "Semantic Description of Social Network Based on Ontology"". Proceeding ICEE' 10 Proceeding of the 2010 International Conference on E-Business and E-Government". Pp. 1936-1939, 7-9 5 2010.
3. P. Mika (2007). "Modelling and Agreegating Social Network Data". Social Network and Semantic Web, Vol. 5, Springer US, Pp. 93-120.